॥ સનાતન પરમો ધર્મ ॥ — શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર — જાગૃત ઉજાગર — સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● શ્રાવણ સુદ -૮ ● તા. ૧૬-૦૮-૨૧ ● સોમવાર SDP NO: 482 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

કચ્છ જિલ્લામાં આન બાન શાન સાથે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી

ભુજ લાલન કોલેજ ખાતે જિલ્લાકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી

રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું

ઉજવણી પ્રસંગે કલેકટર, આઈજી, પોલીસ વડા, ધારાસભ્યો સહિતના હાજર રહ્યા



આજરોજ ૧૫ ઓગસ્ટ ૭૫ મો આઝાદી નો અમૃત મહોત્સવ નિમિતે કચ્છ જિલ્લા માં પધારેલ ગુજરાત રાજકીય અગ્રણીઓ શ્રીસમાજ ના શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન સંસ્કારધામ દેશલપર ખાતે માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ તથા કચ્છ સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા તથા કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પારૂલબેન કારા તથા કચ્છ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી જયાબેન બાબુભાઈ ચોપડા એ શુભેચ્છા મુલાકાત લીધી, ભગવાન ના મંદિર માં દર્શન કર્યા અને તેમનું સંસ્થાના હોદ્દેદારો હંસરાજભાઈ ધોળું દ્વારા સન્માન કરવામાં આવ્યું....



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના આંગણે આઝાદી ના ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણી...

ભારતીય સ્વતંત્રતા સંગ્રામ ની ફળશ્રુતિ "આઝાદી દિવસ" એટલે ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ ની સોનેરી પ્રભાતના "આઝાદી ના અમૃતમહોત્સવ" ની ૭૫ મી વર્ષગાંઠ ના પ્રસંગે ની ઉજવણી નું આયોજન આપણી માતૃસંસ્થા ના મુખ્યાલય "પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા" ખાતે યોજવામાં આવ્યું.

આજના ૭૫મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે "ધ્વજવંદન કાર્યક્રમ"ના આયોજન માં શ્રી અ.ભા.ક.ક.પા. સમાજના પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણીના વરદ હસ્તે ધ્વજવંદન તથા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ.

આ પ્રસંગે ઉપપ્રમુખશ્રી ગોપાલભાઈ ભાવાણી, ટ્રસ્ટીશ્રી છગનભાઈ રામજીયાણી, નખત્રાણા/લખપત ઝોનપ્રમુખ સુરેશભાઈ કાનજીયાણી, કચ્છ રિજિયન યુવાસંઘ ચેરમેનશ્રી છગનભાઈ ધનાણી, મહિલા પોલિસ અધિકારી નખત્રાણા ગ્રામપંચાયતનાં સરપંચ શ્રીમતી લીલાબેન પાંચાણી. જિલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતી નયનાબેન શેઠીયા. તથા શ્રી દેવશંકર ધનાણી વિગેરે મહાનુભાવો દ્વારા પ્રજાજનો સમક્ષ પ્રાસંગિક પ્રેરક પ્રવચનો કરવામાં આવેલ.

વિશેષ ઉપસ્થિતિમાં સર્વશ્રી રવજીભાઈ

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા

લિંબાણી, મોહનભાઈ લિંબાણી, લાલજીભાઈ રામાણી, ડાહ્યાભાઈ સેંઘાણી, વિસનજીભાઈ પાંચાણી, ધનજીભાઈ લિંબાણી, ચંદુભાઈ લિંબાણી, હરિભાઈ ધોળુ, તુલસીભાઈ પોકાર, પ્રવિણભાઈ ધનાણી, ભીમજીભાઈ રામાણી, કેશુભાઈ લિંબાણી તથા ગંગાબેન ધોળુ અને ગંગાબેન રામાણી વિગેરે હાજર રહ્યાં હતાં.

નખત્રાણા ગામની ત્રણેય સમાજો, યુવક મંડળો, મહિલા મંડળો તથા ઘટક સમાજોના સન્માનીય હોદ્દેદારો ઉપસ્થિત રહેલ. ઉપરાંત વિદ્યાર્થી યુનિયનના હોદ્દેદારો તેમજ મહિલા પોલિસ સ્ટાફ પણ ઉપસ્થિત રહેલ.

આજના પ્રસાદના દાતાશ્રી શૈલેષભાઈ પોકાર તરફથી 'પ્રસાદ' વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં છગનભાઈ રૈયાણી દ્વારા આભાર પ્રદર્શન કરવામાં આવેલ.

૧૫ મી ઓગસ્ટ ના ૭૫માં સ્વાતંત્ર દિન નિમિત્તે નખત્રાણા ખાતે તાલુકા કક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો....

નખત્રાણા પ્રાંત અધિકારી ડોક્ટર મેહુલકુમાર બરાસરાએ દેશની આન બાન શાન એવા રાષ્ટ્ર ધ્વજને સલામી આપી કોરોના વોરિયરોનું સન્માન. રસીકરણ ને વેગ તેમજ વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાયા.

નખત્રાણા પ્રાંત કચેરીના પટાંગણમાં સવારે ૯:૦૦ કલાકે નખત્રાણા પ્રાંત અધિકારી ડોક્ટર મેહુલકુમાર બરાસરાના હસ્તે દેશની આન બાન અને શાન એવા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોદ્વારા રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. નખત્રાણા પોલીસ જવાનો તેમજ નખત્રાણા હોમગાર્ડ કેડેટ દ્વારા સેલ્યુટ કરવામા આવેલ.

૭૫ માં સ્વાતંત્ર દિનની ઉજવણી પ્રસંગે પ્રાંત અધિકારી મેહુલ બરાસરા એ કહ્યું કે આરોગ્ય તંત્ર, વહીવટીતંત્ર તેમજ લોકજાગૃતિ ના કારણે સમગ્ર કચ્છ કોરોના મુક્ત થયું છે. જેમાં સિંહફાળો લોક જાગરણ નો અને આરોગ્ય ટીમ નો રહ્યો છે. છતાં હજુ પણ લોકોએ ગાફેલ ન રહી સરકારની ગાઈડલાઈન નું ચુસ્તપણે પાલન કરવાનું છે. માસ્ક, સોસિયલ ડિસ્ટન્સ ભૂલવા નું નથી તેમજ વધુમાં વધુ રસીકરણ થાય એવા પ્રયાસો કરવા જનજાગૃતિ ફેલાવવા જણાવ્યું હતું.

કોરોના કાળ મા ખરા અર્થમાં કોરોના વોરિયર્સ બનેલા કોરોના વોરિયરોનું પ્રાંત અધિકારીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ પ્રાંત કચેરીના પટાંગણમાં વનવિભાગના

પ્રાંત કચેરી - નખત્રાણા

અધિકારીઓ સાથે પ્રાંત દ્વારા ઉપસ્થિત મહાનુભાવો સાથે વૃક્ષારોપણનું કાર્યક્રમ કરવામા આવેલ .

આ પ્રસંગે નખત્રાણા મામલતદાર વી.કે.સોલંકી તાલુકા વિકાસ અધિકારી વિનોદ જોશી નખત્રાણા વી પો અધિકારી યાદવ. પી. આઈ. બી. એમ. ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ જયસુખ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ દિલીપભાઈ પટેલ, બાબુલાલ ધનાણી, ઓ વસંત વાઘેલા. વિપક્ષી નેતા કેતન પાંચાણી સરપંચ લીલાબેન પાંચાણી, લાલજી રામાણી, દિનેશભાઈ જોશી સહિતના નગરજનો ઉપસ્થિત રહી સ્વતંત્ર દિનની ઉજવણી કરી હતી.

સંયોજક : હેમંત ભાવાણી, રસલીયા

હરદા

૧૫ ઓગસ્ટ નિમિત્તે સ્વતંત્રતા દિવસના ભવ્ય સમાહરોહમાં કચ્છ કડવા પાડીદાર સમાજ હરદાને સમાનીત કરતા મધ્યપ્રદેશ હરદા કલેકટરશ્રી સંજય ગુપ્તા આ સન્માન હરદા સમાજ વતી ગ્રહણ કરતા નટવરભાઈ પટેલ, સમાજ જનો દ્વારા કરવાના આવેલ સુંદર કાર્યની નોંધ લેવામાંઆવી અને તેને ૭૫ માં સ્વતંત્ર દિવસે બિરદાવેલ..

સાંયરામાં શ્રીલક્ષ્મીનારાયણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો સામાન્ય સભામાં નવીન ટીમની રચના

સાંયરા (યક્ષ)માં શ્રીલક્ષ્મીનારાયણ મંદિરનો ૭૧ મા પાટોત્સવની ધાર્મિક કાર્યક્રમોના આયોજન સાથે ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત આજે યોજાયેલી ધજારોહણ માં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટયા હતા. લક્ષ્મી નારાયણ ભગવાન ને દિવ્ય મહા પ્રસાદ ભોગ ધરાવવામાં આવ્યો.

શ્રીલક્ષ્મીનારાયણ મંદિરના પાટોત્સવની તા. ૧૫મી ઓગસ્ટ ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવણી શરૂ થઇ. શરૂઆત માં ધજા રોહણ શ્રધાળુંઓની હાજરીમાં કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રાથમિક શાળા ના પટાંગણમા સ્વતંત્રતા દિનની ઉજવણી માં હાજરી આપી, સરપંચ શ્રીમતિ કમળાબેન નાકરાણી ના વરદ હસ્તે રાષ્ટ્રીય સન્માન ભેર ધ્વજ વંદન કરવામાં આવ્યું. ત્યારબાદ મહાઅભિષેક, પાટોત્સવની સંગીતમય મહાઆરતી કરવામાં આવી જેમાં ગામજનો એ હોંશભેર ભાગ લીધો.

બપોરના ગામના સનાતની લોકો એ મહાપ્રસાદ લીધો. આરામ ની ક્ષણોમાં રયાણ સાથે સમય પસાર કરી ચા ની ચૂંસકી સાથે બપોરના ૩:૦૦કલાક ના ટકોરે ત્રિવાષિક સભા ની શરૂઆત કરવામાં આવી.

વિગતે અહેવાલ મિટિંગ પૂર્ણ થતા બીજે દિવસે આપવામાં આવશે.

સંયોજક : જગદીશ ભોજાણી, સાયરા.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ વડાલી ડિવિઝન(સાબર રિજીયન)

કમલભાઈ મોહનભાઈ દડગા (૪૫,સનસીટી ઇડર, મૂળ વતન-હિંમતનગર,કચ્છ માં કોટડા(ખેડોઈ) જેવોને ૭૫માં સ્વાતંત્રદિવસ આઝાદીનો અમૃત મહોત્સવ પર્વની ઉજવણી સાબરકાંઠા જિલ્લાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ હિંમતનગર ખાતે કરવામાં આવી, જેમાં સાબરકાંઠા જિલ્લા કક્ષા ફાયર વિભાગ માં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજ્યકક્ષા ના મહેસુલમંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ ના વરદહસ્તે સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સન્માનપત્ર આપવામાં આવેલ છે.જે સમાજ અને રાષ્ટ્ર માટે ખૂબ ગૌરવ ની બાબત છે.

આપ રાષ્ટ્રની સાથે સમાજ નું નામ પણ રોશન કરો તેવી ટીમ વડાલી ડીવીઝન વતી ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન... કમલભાઈ દડગા- ૮૧૫૫૦૫૬૧૦૧

ટિમ ૨૦૧૮-૨૧ : વડાલી ડિવિઝન વતી... PRO ધ્રુવ ચૌહાણ

નખત્રાણા નજીક સાંયરા ગામ વિકાસ સમિતિની જવાબદારી ગામ સમાજ ના પ્રમુખ મગનભાઈ એ પરસોત્તમ ભાઈ વાસાણી ની પ્રમુખ ગામ વિકાસ સમિતિ તરીકે નિમણૂંક કરી. આ વાત ને સાયરા ગામે મળેલ સભાએ ગામ વિકાસ સમિતિ ના પ્રમુખપદને વીરતાળી થી વધાવી... શુભેચ્છાઓ પાઠવી.



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના આંગણે આઝાદી ના ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણી...

૧૫/૦૮/૨૦૨૧, રવિવારઃ આસનસોલ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, આસનસોલ, પશ્ચિમ બંગાળ ખાતે ૭૫મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન થયેલ હતું.

શ્રી આસનસોલ સમાજના પ્રમુખશ્રી મણિલાલ દેવશી છાભૈયાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી મણિભાઈ દ્વારા ઉપસ્થિત સમાજજનો સમક્ષ પ્રાસંગિક પ્રેરક પ્રવચનો વ્યક્ત કરવામાં આવેલ. કોરોનાની પરિસ્થિતિમાં સમાજ, યુવક મંડળ, મહિલા મંડળના મુખ્ય હોદેદારોની હાજરીમા સ્વતંત્રતા દિવસની યાદગાર આયોજન થયેલ.

આજના પ્રસંગે ઉપસ્થિત રહેલ ભૂતપૂર્વ પ્રમુખશ્રી ખીમજી નારાયણ રામાણી, યુવા મહામંત્રી જીતેન્દ્ર નારાયણ નાકારાણી અને મહિલા મંડળ મહામંત્રી પ્રભાબેન ભુપેન્દ્ર રામાણી.

કાર્યક્રમના અંતમાં આસનસોલ સમાજના મહામંત્રી કિશોર રાજારામ છાભૈયા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ અને ભારત માતા કી જયના ઘોષ સાથે સર્વે ને આજ આનંદના અવસરે પ્રસાદ વિતરણ કરવામાં આવેલ.

આસનસોલ

સંયોજક : દેવેન્દ્ર, આસનસોલ.

પેટલાદ

જય લક્ષ્મીનારાયણ,

પેટલાદ યુવક મંડળ ની રાજકીય જાગૃતિ સમિતિ દ્વારા આયોજિત આપણા ૭૫મા સ્વતંત્રતા દિવસ ની ઉજવણી કરવા માં આવી. જેમાં સમાજ ના પ્રમુખશ્રી હરિભાઈ ધોળું, યુવક મંડળ પ્રમુખશ્રી પ્રવીણભાઈ ભાવાણી, પેટલાદ ટિમ્બર એસોસિએશન પ્રમુખશ્રી દયારામભાઈ પોકાર તથા રાજકીય સમિતિ ના કન્વીનર નિલેશભાઈ દીવાણી એ પ્રસંગ અનુરૂપ સ્પીચ આપી હતી.

નિલેશ દીવાણી (પેટલાદ)
રાજકીય કન્વિનિયર (શ્રી કચ્છ પાટીદાર સનાતન યુવક મંડળ પેટલાદ)

૭૫ મા સ્વાતંત્ર્યદિવસની ઉજવણી : વરઝડી

આજ ૧૫ ઓગસ્ટ ના રોજ વરઝડી વાડી વિસ્તાર પ્રાથમિક શાળામાં ૭૫ મા સ્વાતંત્ર્ય દિવસની ટ્રસ્ટના પ્રમુખશ્રી કરમશીભાઈ માવાણીના વરદ હસ્તે ધ્વજ વંદનની ઉજવણી કરવામાં આવી. ધ્વજ વંદન બાદ ઝંડા ગીત , રાષ્ટ્રગાન તથા વંદેમાતરમ ગીત બાદ શિક્ષક વાઘેલા હેતુભાએ પ્રાસંગિક પ્રવચન આપેલ અને આઝાદી કેવી રીતે મેળવી તેની આછી ઝલક આપી. ધ્વજ વંદન કાર્યક્રમ પૂર્ણ વાલી સંમેલનનું આયોજન મુખ્ય શિક્ષકશ્રી કમલેશભાઈ પટેલએ કરેલ જેમાં સરકારશ્રીના પરિપત્ર મુજબના મુદ્દાઓ અને અભ્યાસમાં નવતર પ્રયોગો તથા સમાજ જાગૃતિ , જન જાગૃતિ તથા શાળામાં ભણતા બાળકના વાલીઓ ગુણવત્તા યુકત શિક્ષણની અનિવાર્યતા સમજશે તો શાળા દ્વારા સારા નાગરિકનું ઘડતર થશે. ઘર એ પણ એક શાળા છે . વાલી જાગૃત હશે તો જ બાળકોને સારા સંસ્કારોનું સિંચન થશે.તેવી સમજ આપેલ .

કાર્યક્રમમાં ઉપસ્થિત એસ.એમ.સી અધ્યક્ષશ્રી નવિનભાઈ છાભૈયા , ડાહયાભાઈ માવાણી , કરસનભાઈ છાભૈયા , હરીભાઈ માવાણી , માવજીભાઈ માવાણી , જયંતિભાઈ ભીમાણી , વડીલશ્રી કેશરાબાપા તેમજ ગ્રામજનો બહેનો , બાળકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન વરઝડી યુવક મંડળના મંત્રી માવાણી યોગેશભાઈએ કરેલ. તેમને સાથ આપનાર મિત્રો સુનિલ છાભૈયા , જગદીશ માવાણીએ વ્યવસ્થા સંભાળેલ . આભારવિધિ ડાહયાભાઈ માવાણીએ કરેલ .

સંયોજક : ડાહયાભાઈ માવાણી - વરઝડી
મો.નં .૯૮૭૯૨૬૬૧૧૮

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવક મંડળ, જલગાંવ : દ્વારા તા.૧૫ ઑગસ્ટ સ્વાતંત્રતા દિવસની ૭૫ મી વર્ષગાંઠ નિમીત્તે ૭૫ વૃક્ષોનુ રોપણ રૈંઢઝ પરિસર મા કરવામા આવ્યુ.

વૃક્ષારોપણ કાર્યક્રમ દરમ્યાન જલગાંવ યુવક મંડળના પ્રમુખશ્રી દિપકભાઈ પારસીયા એ વૃક્ષારોપણ તથા તેના સંવર્ધન માટે સંકલ્પ કરાવ્યો. તેમજ યુવક મંડળના મહામંત્રી પ્રકાશભાઈ નાકરાણીએ સુત્રસંચાલન કરી આભાર માન્યો.

લકકડગંજ નાગપુર

આજે આપણા દેશની સ્વત્રતાના ૭૫મી વર્ષગાંઠે પાટીદાર ભવનમાં પાટીદાર સમાજ લકકડગંજ નાગપુરના પ્રમુખશ્રી નરશીભાઈ જીવરાજ સુરાણી દ્વારા દવજા રોહણ કરવામાં આવેલ.

આ પ્રસંગે સમજજાનો દ્વારા દેશ માટે પોતાની જાન ન્યોછાવર કરનાર દેશબંધુ ને યાદ કરવામાં આવેલ.

વિશેષ માં સમાજના ૧૦ તથા ૧૨માં ૯૦ %થી વધુ મેળવનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ.

સંયોજક :
મૂળવંતરાય પટેલ, નાગપુર

નખત્રાણા ઝોન સમાજની મીટીંગ... કારોબારીની વરણી...

ગત રોજ ૧૫ ઓગસ્ટ ના પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા ખાતે નખત્રાણા ઝોન સમાજ ની મીટીંગ મળેલ જેમાં નવી કારોબારીની વરણી કરવામાં આવી

જેમાં **પ્રમુખ** તરીકે રતનશી ભાઈ સોમજીભાઈ ભીમાણી (દેવપર યક્ષ)

મહામંત્રી તરીકે છગનભાઈ ખેતાભાઈ ધનાણી તેમજ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી..

(વધુ માહિતી આવતી કાલ ના અંક માં આવશે)

ઝોન સમાજના નવનિયુક્ત પ્રમુખ તરીકે રતનશીભાઈ સોમજીભાઈ ભીમાણી (દેવપર યક્ષ)

ઝોન સમાજના નવનિયુક્ત મહામંત્રીશ્રી : છગનભાઈ ખેતાભાઈ ધનાણી (નખત્રાણા)
ખૂબ ખૂબ શુભેચ્છાઓ....

આજ રોજ ૭૫મો સ્વતંત્રતા દિવસની ઉજવણી ધાવડા મોટા પં. પ્રા શાળા માં ઉજવાયો...

જેમાં આજ ના પ્રસંગ નાં અધ્યક્ષ તરીકે શ્રી રતનશીભાઈ રૂડા પોકાર વતી ધ્વજ વંદન કરવા માં આવ્યું અને આ પ્રસંગ માં વિશેષ ઉપસ્થિત આપડા ગામ ના પ્રથમ નાગરિક શ્રી રવિલાલ ભાઈ પોકાર તેમજ પ્રેમજીભાઈ. ઊર્મિલાબેન. નાનજી ભાઈ પારસીયા. શાન્તિબાપા. રમેશભાઈ. યુવક મંડળ ના પ્રમુખ શ્રી મગન ભાઈ તેમજ ગામ ના દરેક લોકો વિશેષ ઉપસ્થિત રહી પ્રસંગ માં સહભાગી બન્યા અને મહાનુભાવો વડીલો દ્વારા ઇતિહાસ ની વાત થી લઇ અને વર્તમાન માં ચાલી રહેલ મહામારીથી બચી રહેવા ની જાગૃતિ ની વાત કરી સરકાર ને સહયોગ આપી દેશ સેવા માં સહભાગી બનીએ એવી વિશેષ રજૂઆત કરવામાં આવી સાથે શાળા માં વૃક્ષા રોપણ પણ કરવામાં આવ્યું....

આઝાદી ના ૭૫ માં વર્ષે આપ ભારત માં ધ્વજવંદન વિષે જાણો..

આપણાંમાના ઘણાં લોકો એ નહીં જાણતાં હોય કે ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરી એ જે રાષ્ટ્રધ્વજ કે તિરંગાને આપણે સલામી આપીએ છીએ એને આ બંને દિવસો પર અલગ અલગ રીતે ફરકાવવામાં આવે છે.

૧૫ ઑગસ્ટના દિવસે રાષ્ટ્રધ્વજને નીચેથી રસ્સી દ્વારા ખેંચીને ઉપર લઈ જવામાં આવે છે પછી ત્રિરંગો ખોલીને ફરકાવવામાં આવે છે, જેને ઈધ્વજારોહણ' કહેવાય છે, જેના માટે અંગ્રેજીમાં #Flag_hoisting શબ્દ વાપરવામાં આવે છે.

જ્યારે ૨૬ જાન્યુઆરીએ એટલે કે ગણતંત્ર દિવસના અવસર પર ઝંડો ઉપરથી જ બાંધેલો હોય છે, જેને ખોલીને ફરકાવવામાં આવે છે, જેને '#ઝંડો_ફરકાવવો' કહીએ છીએ, જેના માટે અંગ્રેજીમાં #Flag_unfluring.. શબ્દ વપરાય છે.

- છાયા વિજય સાંખલા, નાસિક

૭૫ માં વર્ષે ધ્વજારોહણ,

બેંગ્લોરમા લાલબાગ સમાજમાં પ્રમુખશ્રી રતિલાલ લધારામ ભાવાણી દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ તથા પ્રાસંગીક ઉદબોધન કરવામાં આવેલ..

યુવાસંઘ દક્ષિણ ગુજરાત રિજીયન ની જનરલ સભા કડોદરા પાટીદાર ભવન માં ૧૫ ઓગસ્ટ ના આયોજિત કરવામાં આવી, જેમાં ઝોન સમાજ ના પ્રમુખ રમેશભાઈ પારસિયા, મહામંત્રી, હરેશ રામાણી ની ખાસ ઉપસ્થિતિ રહેલ.

પાટીદાર ભવન માં કે.કે.પિ. યૂથ કલબ દ્વારા ધ્વજારોહણ નો અદભુત પૉગ્રામ કરવામાં આવેલ.

કેન્દ્રીય યુવસંઘના પ્રમુખ ડો.વસંત ધોળુંની ખાસ ઉપસ્થિતિ રહી.

પુરા થયેલ ટર્મ સમય ની વિવિધ માહિતી પ્રસ્તુત કરવામાં આવી.

ડો. વિનોદ રામાણી રિજીયન ચેરમન નું ટીમ વર્ક નો નિખાર ચૈતન્ય સ્ફુર્તિ ને ઉત્સાહ નો તરવરાટ સહુ માં દર્શનીય.

નવીન ૨૦૨૧-૨૦૨૩ ટીમ ના લીડર જે જ્ઞાન શીલ એકતાના મિશાલ બની સર્વાંગી વિકાસની મંજિલ પાર પાડવા એક નવું પગથિયું આજે નિર્માણ કરવામાં આવેલ.

નવીન રિજીયન ચેરમન અરવિંદ પોકાર, કડોદરા અને રિજીયન સેક્રેટરી વિશાલ નાકરાણી, વ્યારા ની જાહેરાત.

સેન્ટ્રલ પસન્દગી સમિતિ ના ગૌરંગ ધનાણી ની ઉપસ્થિતિ માં રિજીયન પસન્દગી સમિતિ ની ટીમ દ્વારા પુરી ટીમ ની ઉત્સાહ પૂર્વક જાહેરાત..

(વધુ પૂર્ણ માહિતી આવતી કાલ ના અંક માં સમાવેશ કરવામાં આવશે)

૧૫ ઓગસ્ટ ના રોજ નેલમગલા બેંગલોર ભવન માં DKR ટીમ યુવાસંઘ ની જનરલ સભા માં કેદ્રીય પસંદગી સમિતિ ના નીતિન લીબાણી, હોસુર ની ઉપસ્થિતિ માં વર્તમાન રિજીયન ચેરમન પ્રતાપ લીંબાણી ની અધ્યક્ષતા માં વિવિધ કાર્ય ની છણાવટ, સેન્ટરલ ની કાર્યશાળા ના યજમાન બનેલ હુદ્દઈ માં ખૂબ ઉત્સાહ ની પ્રતીતિ.. નવીન ટીમ ૨૦૨૧ ૨૦૨૩ ના રિજીયન ચેરમેન, દિનેશ લીંબાણી,મલનાડ અને રિજીયન સેક્રેટરી, કિશોર સુરાણી, યેલનકા ની જાહેરાત કરવામાં આવેલ. **(વધુ પૂર્ણ માહિતી આવતી કાલ ના અંક માં સમાવેશ કરવામાં આવશે)**

બાર જ્યોતિર્લિંગમાં દ્વિતીય સ્થાને મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શનનો મહિમા

દેવાધિદેવ મહાદેવ તો સમસ્ત બ્રહ્માંડ માં વ્યાપ્ત છે. હિન્દુ ધર્મની માન્યતા મુજબ શિવજી જ્યાં જ્યાં સ્વયં પ્રગટ થયા તે બાર જગ્યાઓને જ્યોતિર્લિંગના સ્વરૂપમાં પૂજવામાં આવે છે.

આંધ્રપ્રદેશના કુનુર જીલ્લામાં કૃષ્ણા નદીના કિનારે શ્રીશૈલમમાં મલ્લિકાર્જુન મંદિર આવેલું છે. ભગવાન શિવનું આ મંદિર દેશનાં બાર જ્યોતિર્લિંગ માંથી એક છે. એને દક્ષિણનું કૈલાસ પણ કહેવામાં આવે છે. શ્રીશૈલમ મલ્લિકાર્જુન મંદિરની અંદર અનેક મંદિર બનેલાં છે, જેમાં મલ્લિકાર્જુન અને ભ્રામરામ્બા સૌથી મુખ્ય મંદિર છે.ભારતના સૌથી મહાન શૈવિત મંદિરમાનું એક છે.

મલ્લિકાર્જુનનો અર્થઃ-

અહીં મલ્લિકા એટલે પાર્વતી અને અર્જુન ભગવાન શિવ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગમાં ભોળાનાથ અને માતા પાર્વતી બંનેની જ્યોતિ સમાયેલી છે.

સ્કંદ પુરાણમાં એક આખો અધ્યાય શ્રીસેલાકમંદ આ જ્યોતિર્લીંગની મહિમાનું વર્ણન કરે છે.મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગની ઉત્પત્તિ પાછળ શિવજી ના પુત્ર કાર્તિકેય અને ગણેશજી ની પરિક્રમા ની પૌરાણિક કથા સંકળાયેલી છે. આ એ સ્થાન છે કે જે સ્વયં કુમાર કાર્તિકેયની તપોભૂમિ રહ્યું છે. મલ્લિકાર્જુન મંદિર વિશે એક પ્રાચીન કથા છે જેના અનુસાર શિવગણ નંદીએ અહીંયાં તપસ્યા કરી હતી. તેઓની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન શિવ અને પાર્વતીએ તેમને મલ્લિકાર્જુન અને બ્રહ્મારંભર્શન આપ્યા હતાં. આ જ્યોતિર્લીંગનું વર્ણન મહાભારતમાં પણ છે. પાંડવોએ પાંચપાંડવ લિંગની સ્થાપના અહીંયાં કરી હતી. ભગવાન રામે પણ આ મંદિરનાં દર્શન કર્યા હતાં. ભક્ત પ્રહલાદના પિતા હિરણ્યકશ્યપ પણ અહીંયા પૂજા અર્ચના કરતાં હતાં.

શ્રીશૈલા શીખરમ્ દૃષ્ટવા
પુનર્જન્મમ્ ન વિદ્યયતે

અર્થાત્,: (વાસ્તવમાં) દૂરથી પણ જો આપ શ્રીશૈલમ પહાડીના દર્શન કરી લો છો, તો માની લેજો કે જન્મ - મરણના ફેરામાંથી મુક્તિ મેળવી લો છો. આ એક સિદ્ધ સ્થાન છે, જ્યાં દર્શન કરવાથી જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી પૂર્ણ થઈ જાય છે.

જય મલ્લિકાર્જુન(ભોલેનાથ) - (ક્રમશઃ)
સામાજિક અને આધ્યાત્મિક મિશન
જ્યોતિ સેંઘાણી, વિદર્ભ રિજીયન

प्रखर राष्टवादी, लोकप्रिय जननेता, भारतीय राजनीती मे अपने आचरण से लोकतांत्रिक मूल्यो की पुनर्स्थापित करने वाले राजर्षि, भारत रत्न पुर्व प्रधानमंत्री श्रद्धेय अटल बिहारी वाजपेई जी को उनकी पुण्यतिथी पर विनम्र श्रद्धांजलि...

જલના હોગા ગલના હોગા,
ઔર હમે કદમ મિલાકર એક સાથ ચલના હોગા..
અટલ સત્ય

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ : ૧૪/૦૮/૨૦૨૧ શનિવાર

સ્વ. નાનબાઈ હીરજીભાઈ ધોળુ

ઉંમર : ૮૮ વર્ષ, કચ્છમાં ગામ : નાના અંગીયા,
હાલે ગામ : બાંકુડા. (પશ્ચિમ બંગાળ), અવસાન કારણ : સામાન્ય , નૈસર્ગિક

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.